**<u>ફોજદારી કેસ નંબર ૧૫૫૧ / ૨૦૧૨ ના કામે આંક–૧ નીચે હુકમ.</u>**

સદર કેસ પ્રોહીબીશન એકટનો દેશી દારૂનો ઘણો જુનો કેસ છે. આજરોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી સ્પે. સીટીંગ રાખવામા આવેલ છે. જુના કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામા આવેલ છે. કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે(૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે લીધા.

આરોપી ઉપર વોરંટો બજતા નથી. આરોપી ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી. જે સબંધે ના. મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents. ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે, <u>Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court</u>.

જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ હાલના કામે આરોપી વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તેમ છતા આ કામે આરોપીને હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ જોતા તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી. જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકવા હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો. મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા. રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી.

તારીખ ૨૨ મી જુલાઈ ૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ ૨૨/૦૭/૨૦૧૮
અમદાવાદ.

**( ભાવેશ જેઠાભાઈ પટેલ )**
એડી. ચીફ મેટ્રો.મેજી.કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૯૭૭.